**<u>સ્પે.દિવાની મુકદ્દમા નં.૦૩/૨૦૨૫ ના કામે વાદીની આંક–૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી અન્વયે હુકમ</u>**

(૧) વાદીએ સીવીલ પ્રો. કોડના ઓર્ડર–૩૯ રૂલ(૧) (૨) મુજબ અરજી કરી એવી હકિકત જણાવેલ છે કે, મોજે વિજયનગર તાલુકાના કઠવાવડી ગામે આવેલ સર્વે નં. ૨૭ પૈકી ૧ તેનુ ક્ષેત્રફળ ૧–૬૬–૯૪, સર્વે નં. ૨૬ પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ ૦–૭૭–૯૦ અને સર્વે નં. ૫૧ પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ ૧–૬૧–૮૮ છે તે મીલકતમાં આ કામના પ્રતિવાદી નં. ૧, ૨ તથા તેમના એજન્ટ, કર્મચારી, નોકર, વારસદારો, એટર્નિ નાઓ સદર મીલકત ને વેચાણ, ટ્રાન્સફર, ગીરો કરે કરાવે નહી તેમજ થર્ડ પાર્ટિનુ ઈન્ટ્રેસ્ટ ઉભુ કરે નહી કે તેના કોઈ ભાગ પાડે નહી તેવો દાવાનો ચાલતા સમય દરમ્યાનનો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે. વાદી તરફે તેમની અરજીનાં સમર્થનમાં માર્ક–૩/૧ થી માર્ક–૩/૧૦ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૨) સદરહું દાવાનાં કામે પ્રતિવાદીઓને દાવા તથા મનાઈ અરજીની નોટીસ/સમન્સ કાઢતા, તે પ્રતિવાદીઓને બજી ગયેલ છે. પ્રતિવાદી નં.૧ નાઓએ તેઓના વિ.વ.શ્રી આર.જે.ચૌહાણ મારફતે હાજર થઈ વાદીની દાવા અરજી વિરૂધ્ધ આંક:૧૩ થી લેખીત જવાબ રજુ કરી તેમજ વાદીની મનાઈ અરજી વિરૂધ્ધ આંક:–૧૯ થી લેખીત જવાબ રજુ કરી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતો ખરી હોવાનો ઈનકાર કરેલ છે. પ્રતિવાદી નં. ૧ તરફે તેઓના જવાબના સમર્થનમાં નિ. ૧૪/૧ થી નિ.૧૪/૩૧ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ છે જે ધ્યાને લેવામા આવેલ છે.

(૩) જયારે પ્રતિવાદી નં. ૨ નાઓને નોટીસ બજતા પ્રતિવાદી નં. ૨ નાએ તેઓના વિ.વ.શ્રી કે.એન.હડીયોલ મારફતે હાજર થઈ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વિરૂધ્ધ આંક:–૨૧ થી લેખીત જવાબ રજુ કરેલ છે જે ધ્યાને લેવામા આવેલ છે. પ્રતિવાદી નં. ૨ તરફે તેમના જવાબના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ નથી.

(૪) સદર કામે વાદી તરફે વિ.વ.શ્રી પી.જે.ચારણ તથા પ્રતિવાદી નં. ૧ તરફે વિ.વ.શ્રી. આર.જે.ચૌહાણ તથા પ્રતિવાદી નં. ૨ તરફે વિ.વ.શ્રી કે.એન.હડીયોલની દલીલ

સાંભળવામાં આવેલ છે.

(૫) સબબ અરજીનાં ન્યાયીક નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| ૧ | શુ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ? |
| ૨ | શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ? |
| ૩ | જો દાદ મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાથી વળતર ન મળે તેવુ નુકશાન જાય તેમ છે ? |
| ૪ | શું હુકમ ? |

(૬) ઉપરોકત આવશ્યક તત્વો અંગેના મુદાના મારા તારણ નીચે મુજબ છે.

૧. અંશત: હકારમા
૨. અંશત: હકારમાં
૩. અંશત: હકારમાં
૪. ''આખરી હુકમ મુજબ.''

**<u>મુદા નં.૧ થી ૩ ના કારણો</u>:–**

(૭) હાલની મનાઈ અરજીમા ઉપસ્થિત થયેલ ઉપરોકત ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય બીનજરૂરી પુનરાવર્તન ટાળવાના આશયથી ત્રણેય મુદાઓની ચર્ચા સંયુકતપણે કરવામા આવેલ છે. મનાઈ અરજીની હકીકતો ધ્યાને લેતા પહેલા કાયદાની જોગવાઈઓને ધ્યાને લેવામાં આવે તો વાદીએ કામચલાઉ મનાઈ હુકમ મેળ વવા સારૂં પ્રથમ દર્શનીય કેસ, સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમા છે તેવી હકીકત તેમજ જો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની સંભાવના છે તે ત્રણેય હકીકતો વાદીએ પોતાની તરફેણમાં પુરવાર કરવી પડે. વાદી એવી મનાઈ અરજી લઈને આવેલ છે કે દાવાવાળી તકરારી મીલ્કત મુળ આ કામના વાદીઓ ના સસરા હીરાભાઈ પટેલ નાઓની હતી વાદી ઓ ના સસરા ઓ એ દાવાવાળી મીલ્કત આ કામના પ્રતિવાદી નં. ૧ ના ઓ ને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર ૧૨૭/૨૦૧૮,રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૧૨૯/૧૮ અને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.

૧૩૩/૧૮ થી વેચાણ આપેલ અને સદર રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ના આધારે દાવાવાળી મીલ્કત રેવન્યુ દફતરે આ કામના પ્રતિવાદી નં. ૧ ના નામે થયેલ અને તે મુજબ નોંધ પણ પડેલ છે. પ્રતિવાદી નં ૧ ના ઓ સદર રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે મીલ્કત નો કબજો મેળવી તેનો ઉપભોગ કરતા હતા. ત્યારબાદ દાવા વાળી મીલ્કત આ કામના પ્રતિવાદી નં. ૧ પાસેથી પ્રતિવાદી નં. ૨ ના એ વેચાણ રાખવા માટે નકકી કરેલ અને તારીખ ૧/૫/૨૦૨૩ નાં રોજ પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં ૨ વચ્ચે તે મુજબ વેચાણ કરાર નોટરી રૂબરૂ મા કરવામા આવેલ પ્રતિવાદી નં. ૨ ના ઓ એ પ્રતિવાદી નં. ૧ પાસેથી સદર દાવા વાળી મીલ્કત રૂ. ૧,૭૫,૦૦,૦૦૦/-( અંકે રૂપીયા એક કરોડ પંચોતેર લાખ) પુરામા વેચાણ રાખવાનું નકકી કરેલ અને તેના અવેજ પેટે રૂ. ૧,૦૯,૮૨,૬૨૦/- (અંકે રૂપીયા એક કરોડ નવ લાખ બ્યાસી હજાર છસો વીસ) પુરા પ્રતિવાદી નં ૧ ને ચેક તથા આર.ટી.જી.એસ. થી ચુકવી આપેલ તેમજ રૂ. ૨૮,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા અઠયાવીસ લાખ પચાસ હજાર) પુરા પ્રતિવાદી નં. ૨ ના ઓ એ પ્રતિવાદી નં. ૧ ના ઓ ને રોકડા ચુકવી આપેલ. આમ પ્રતિવાદી નં. ૨ ના ઓ એ પ્રતિવાદી નં ૧ ના ને કુલ રૂ. ૧,૧૩,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા એક કરોડ તેર લાખ પચાસ હજાર) પુરા ચુકવી આપેલ છે. ત્યાર બાદ પ્રતિવાદી નં. ૨ ના ઓ એ પ્રતિવાદી નં. ૧ ને દાવા વાળી મીલ્કત નો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે વારંવાર વીનંતી કરવા છતા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ નહી પ્રતિવાદી નં. ૧ ના એ પ્રતિવાદી નં. ૨ ને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપવા ના બદલે તારીખ ૧૨/૭/૨૩ નાં રોજ પ્રતિવાદી નં.૨ તથા વાદી ઓ ના સસરા ને બનાવટી હકીકતો આધારે કાનુની નોટીસ મોકલી આપેલ. પ્રતિવાદી નં. ૧ના એ તેમની તારીખ ૧૨/૭/૨૩ ની નોટીસ માં એવો આક્ષેપ કરેલ કે વાદી ઓ ના સસરાએ પ્રતિવાદી નં. ૧ પાસેથી રૂ. ૮૦,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એંશી લાખ) પુરા તથા રૂ. ૫,૦૦,૦૦૦/- (રૂપીયા પાંચ લાખ) વળતર પેટે એમ કુલ રૂ. ૮૫,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા પંચ્યાસી લાખ)પુરા પરત ચુકવી આપવાની માંગણી કરેલ અને જો આ રકમ ચુકવવા મા નહી આવશે તો પ્રતિવાદી નં. ૧ ને કરી આપેલ રજીસ્ટર વેચાણ

દસ્તાવેજો બીન અવેજી છે તેમ કહી રદ કરાવવા અને પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ ફોજદારી કેસ કરવાની ધમકી આપેલ જેથી આ કામના પ્રતિવાદી નં. ૧ ધ્વારા રૂ.૬૭,૧ ૫,૦૦૦/-(રૂપીયા સડસઠ લાખ પંદર હજાર) પુરા ચેક થી વાદી ના સસરા ને ચુકવી આપેલ અને બાકી ની રકમ રૂ. ૧૭,૮૫,૦૦૦/- (રૂપીયા સતર લાખ પંચ્યાસી હજાર) બાકી રાખેલ જેથી પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં ૨ ને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપવાની ના પાડેલ અને એવું જણાવેલ કે પ્રતિવાદી નં. ૨ પાસેથી જે રકમ લીધેલ હતી તે આ કામના વાદી ના સસરા એ લીધેલ રકમ હતી તેવી ખોટી હકીકતો જણાવી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપવાનો ઈન્કાર કરેલ. પ્રતિવાદી નં - ૧ ના એ તારીખ ૧૨/૭/૨૦૨૩ ના રોજ આપેલ નોટીસ નો વાદી ના સસરા એ તારીખ ૨૬/૯/૨૩ ના રોજ વકીલ મારફતે જવાબ આપી નોટીસ મા જણાવેલ તમામ આક્ષેપો ખોટા છે તેમ જણાવેલ. પ્રતિવાદી નં. ૧ ના ઓ સરપંચ હતા અને તેમની સાથે છેતરપીંડી કરવાનો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. વધુ મા એવું જણાવેલ કે પ્રતિવાદી નં. ૧ તરફે રજીસ્ટર વેચાણખત કરવામા આવેલ તે સમયે વાદી ના સસરા અને પ્રતિવાદી નં . ૧ વચ્ચે રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર કરાર કરવામા આવેલ હતો અને તે કરાર મુજબ આ કામના પ્રતિવાદી નં. ૧ ના એ વાદી ના સસરા ને રૂ. ૮૦,૦૦,૦૦૦/- (રૂપીયા એંશી લાખ) કોઈ પણ પ્રકાર ના વ્યાજ વિના ચુકવવા ની સંમતિ આપેલ હતી આ દરમ્યાન બીજા રૂ. ૬,૦૦,૦૦૦/-(રૂપીયા છ લાખ) લેવાના બાકી નીકળતા હતા જેથી આ કામના પ્રતિવાદી નં. ૧ ના ઓ સાથે કોઈ છેતરપીંડી કે કપટ થવાનો પ્રશ્ન ઉભો થતો નથી. આ કામના પ્રતિવાદી નં. ૧ ના એ દાવાવાળી મીલ્કત ઉપર બેન્ક મા થી લોન લીધેલ હોય તે લોન ની રકમ તારીખ ૬/૬/૨૦૨૪ નાં રોજ બે અલગ અલગ ચેક થી આ કામ ના વાદી ના સસરા એ ચુકવેલ છે અને બાકી લ્હેણા ની ચુકવણી થતા બેન્ક ધ્વારા એન.ઓ.સી પણ આ કામના પ્રતિવાદી નં. ૧ ના ઓ ને આપેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૧ ના એ વાદીઓ ને તારીખ ૧૨/૩/૨૦૨૪ ના રોજ વેચાણ ખત નોટરી રૂબરુ કરી આપેલ છે. સદર વેચાણ ખત મા દાવાવાળી મીલ્કત ની વેચાણ કીંમત રૂ. ૨,૧૫,૦૦,૦૦૦/-( અંકે રૂપીયા બે કરોડ પંદર લાખ) નકકી કરવામા આવેલ હતી

આ વેચાણ કરાર ખત કરવામા આવેલ ત્યારે ચેકથી , આર.ટી.જી.એસ. થી અને રોકડ મા કુલ રૂ. ૧,૦૯,૮૨,૬૨૦/- (અંકે રૂપીયા એક કરોડ નવ લાખ બ્યાસી હજાર છસો વીસ) પુરા પહેલાથી ચુકવી આપવામા આવેલ છે આ વેચાણ કરાર ખત કરવામા આવેલ ત્યારે બંને પક્ષકારો વચ્ચે તેવું નકકી કરવામા આવેલ કે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરવામા આવે તે વખતે તથા મહેસુલી રેકર્ડ માં નોંધ દાખલ કરવામા આવે ત્યારે બાકી ની કાર્યવાહી પુરી કરવામા આવશે. આ પ્રતિવાદી નં. ૧ ને ચુકવી આપવામા આવેલ રૂ. ૧,૦૯,૮૨,૬૨૦/- (અંકે રૂપીયા એક કરોડ નવ લાખ બ્યાસી હજાર છસો વીસ) પુરા માં રૂ. ૨૪,૮૨,૬૨૦/- (અંકે રૂપીયા ચોવીસ લાખ બ્યાસી હજાર છસો વીસ) ની રકમ નો પણ સમાવેશ થાય છે. જે રકમ આ કામના વાદી નં. ૧ ના પુત્ર તથા વાદી નં. ૨ નાઓના પતિ એ તારીખ ૬/૬/૨૪ ના રોજ બે અલગ અલગ ચેક થી બેંક મા ચુકવેલ હતા ત્યાર બાદ આ કામના વાદી એ અનેક વખત અને વારંવાર પ્રતિવાદી નં. ૧ ના ઓ ને દાવા વાળી મીલ્કત નો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે વિનંતી કરવામા આવેલ તેમ છતાં આ કામના પ્રતિવાદી નં. ૧ ના ઓ કોઈ ને કોઈ બહાનું બતાવી વેચાણ કરાર ખત નું અમલ કરવા નું ટાળતા હતા. આમ આ કામના પ્રતિવાદી નં. ૧ ના ઓ એ વાદી ઓને તારીખ ૧૨/૩/૨૦૨૪ ના રોજ નોટરી રુબરુ દાવા વાળી મીલ્કત નો વેચાણ કરાર ખત કરી આપી અને તેના અવેજ ની રકમ મેળવી લઈ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપતા નથી જો પ્રતિવાદી નં. ૧ ના ઓ દાવા વાળી મીલ્કત અન્ય કોઈ ને ગીરો બક્ષીસ કે વેચાણ કરી દે તો વાદી ને નાણા થી આંકી ન શકાય તેવું નુકશાન થાય તેમ છે. આ કામના વાદી નો પ્રથમ દર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ આ કામના વાદી ની તરફેણ માં છે તેમજ જો મનાઈ હુકમ આપવામા નહી આવે તો પ્રતિવાદી કરતા વાદીને ઘણુ નુકશાન જાય તેમ છે અને જે નાણાથી ભરપાઈ થઈ શકે તેમ નથી તેમ જણાવી અરજી મા માગ્યા મુજબનો પ્રતિવાદી ઓ વિરુધ્ધ દાવા નો આખરી નીકાલ થતા સુધી નો કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૮) વાદી તરફે વિ.વ.શ્રી ચારણ નાઓએ તેમની મનાઈ અરજીમાં જણાવ્યા મુજબની દલીલો કરી વાદીની મનાઈ અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે

(૯) જયારે પ્રતિવાદી નં. ૧ તરફે વિ.વ.શ્રી આર.જે.ચૌહાણ નાએ એવી દલીલ કરેલ છે કે, આ કામના વાદીઓ પરોસડા, તા. વિજયનગર મુકામે રહેતા નથી. વાદીએ તદ્દન ખોટી હકીકત જણાવેલ છે. વાદીએ તેમના વ.શ્રી ડી.ડી.ગઢવી મારફતે તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ જવાબ આપેલો તે જવાબમાં વાદીઓ તમામ રહે હાલ. સડલી (અંબાસા) તા. ઝાડોલ, જી. ઉદેપુર નુ જણાવેલ છે. વાદી નં.૧ અને વાદી નં.૨ નાઓ મુળ રાજપુર, તા. વિજયનગરના હોવાનુ સદર જવાબના પેરા ૧ માં જણાવેલ છે તથા મુળ રહે. કોડીયાવાડા, તા. વિજયનગર, ગુજરાતના રહેવાસી હોવાનુ જણાવેલ છે. આમ વાદીએ હાલના દાવાના કામે રજુ કરેલ પોતાના વ.શ્રી મારફતના જવાબમાં પોતાના ૩ સરનામા જણાવેલ છે. આ કામના વાદીઓએ પોતાના મુળ રહેઠાણના કે હાલના સરનામા દર્શાવતો કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. વાદીએ આં ક:-૧ ની દાવા અરજીના સોગંદનામામાં નોટરી રૂબરુ પોતાનુ રહેઠાણનુ સરનામુ પરોસડા, તા. વિજયનગર હોવાનુ ખોટુ જણાવેલ છે. વાદીએ પોતાનુ ખોટુ સરનામુ જણાવી કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. વાદીઓના સસરા પટેલ હીરાભાઈ શકરાજી, રહે. સડલી(અંબાસા), તા. ઝાડોલ, જી. ઉદેપુરમાં રહે છે વાદીઓ હીરાભાઈના દિકરાઓની પુત્રવધુ થાય છે. પ્રતિવાદી નં. ૧ નાએ વાદીના સસરા પાસેથી તા. ૨૪/૦૯/૨૦૧૮ ના રોજ પ્રમોલગેશન પછીના મોજે. કઠવાવડી તા. વિજયનગર ગામના નવા સર્વે નં. ૨૭ પૈકી ૧ ની ૧-૬૬-૯૪ હે.આરે.ચો.મી. ખેતીની જમીન રૂ. ૧૦,૫૦,૦૦૦/- માં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૧૨૮/૧૮ થી તા. ૨૪/૦૯/૧૮ ના રોજ વેચાણ રાખેલ તેમજ પ્રમોલગેશન પછીના નવા સર્વે નં. ૨૬ પૈકી ૧ ની ૦-૭૭-૯૦ હે.આરે.ચો.મી. ખેતીની જમીન રૂ. ૫,૦૦,૦૦૦/- માં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૧૨૯/૧૮ થી વેચાણ રાખેલ તથા પ્રમોલગેશન પછીના નવા સર્વે નં. ૫૧ પૈકી ૧ ની ૧-૬૧-૮૮ હે.આરે.ચો.મી. ખેતીની જમીન રૂ. ૧૦,૦૦,૦૦૦/- માં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૧૩૩/૧૮ થી તા. ૨૭/૦૯/૧૮ ના રોજ વેચાણ રાખેલ

ત્યારથી પ્રતિવાદી નં. ૧ નાઓ સદર જમીનનો સ્વતંત્ર માલીકી કબજો ભોગવટો ધરાવી ખેતી કરતા આવેલ છે. વાદી નં. ૧ અને ૨ ના સસરા પટેલ હીરાભાઈ પાસેથી ઉપર જણાવ્યા મુજબની વિગતે વેચાણ દસ્તાવેજો મુજબની કુલ નકકી કરેલ વેચાણ કિંમત રૂ. ૨૫,૫૦,૦૦૦/– દસ્તાવેજો કરતી વખતે પ્રતિવાદી નં. ૧ નાએ પુરેપુરી રકમના ચેકો વાદીના સસરાને ચુકવી આપતા વાદીના સસરાએ રજીસ્ટર દસ્તાવેજ કરી આપેલ છે. આ ચેકો કલીયર થઈ વાદીના સસરાને રકમ પણ મળી ગયેલ તેમ છતા તે દસ્તાવેજો થઈ ગયા પછી હકપત્રકની કાચી નોંધ નં. ૭૦૨, ૭૦૩, તા. ૨૪/૦૯/૨૦૧૮ ના રોજ તથા નોંધ નં. ૭૦૫ તા. ૨૭/૦૯/૨૦૧૮ ના રોજ કાચી પડેલ અને રેવન્યુ રેકર્ડે પાકી નોંધ પડતા પહેલા ૧૩૫(ડી) ની નોટીસો નીકળેલ તે દરમ્યાન વાદીના સસરા પટેલ હીરાભાઈ નાએ તા. ૨૯/૦૯/૨૦૧૮ ના રોજ પોતાના પરીવાર નાઓ જમીન ઓછા પૈસામાં આપી દીધેલ હોવાનુ જણાવી ના પાડતા હોવાનુ જણાવી સદર વેચાણ દસ્તાવેજો રદ્દ કરી દેવા માંગે છે તેવુ જણાવેલ પરંતુ સદર જમીન હાલના વેચાણ દસ્તાવેજો થયાના કેટલાક સમય પહેલા પ્રતિવાદીનં. ૧ ને વેચાણ આપી કબજો સોંપી દીધેલ હોય અને રકમ આપેથી દસ્તાવેજો કરવાના હતા તેથી પ્રતિવાદી નં. ૧ નાએ આ જમીનમાં ઘણો મોટો ખર્ચ કરી લેવલીંગ કરેલ હોય પ્રતિવાદી નં. ૧ નાએ પોતે દસ્તાવેજો રદ્દ કરવા તૈયારી ન બતાવતા વાદીના સસરા હીરાભાઈએ વધુ રૂ. ૮૦,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા એંશી લાખ) પુરાની માંગણી કરતા પ્રતિવાદી નં. ૧ નાઓ માનસીક રીતે ભાંગી પડેલ તે સમયે હીરાભાઈએ પ્રતિવાદી નં. ૧ ની માનસીક તણાવની અવસ્થામાં છેતરીને એક રૂ. ૧૦૦/– નો સ્ટેમ્પ લેવડાવી પ્રતિવાદી નં. ૧ ની લખેલા કાગળમાં સહી લઈ પાછળ થી તેમાં નોટરીના સહી સીકકા કરાવી લીધેલ ત્યાર બાદ પ્રતિવાદી નં. ૧ ને સદર સ્ટેમ્પ બતાવી લેખીતમાં બાંહેધરી લખી આપેલ હોવાનુ વાદીના સસરા હીરાભાઈએ જણાવી તેમાં દર્શાવેલ રૂ.૮૦,૦૦,૦૦૦/– અંકે રૂપીયા એં શી લાખ) આપો અને તેમ નહી કરો તો જમીનના અવેજની પુરતી રકમ મળી ન હોવાનુ બતાવી જમીનના દસ્તાવેજો રદ્દ કરાવી દઈશ તેવુ જણાવતા પ્રતિવાદી નં. ૧ નાઓ કાયદાથી અજ્ઞાન હોય અને વાદીઓના સસરા હીરાભાઈએ બતાવેલ નોટરાઈઝ સ્ટેમ્પથી

ગભરાઈ જતા પ્રતિવાદી નં. ૧ નાએ કોઈ પણ કાનુની સલાહ લીધા સીવાય કે કાર્યવાહી કર્યા સીવાય વાદીઓના સસરા પટેલ હીરાજી શકરાજીને તેમની માંગણી મુજબના રૂ. એંશી લાખ તુટક તુટક ચુકવી આપેલા અને આ રકમ ચુકતે થતા વાદીઓના સસરા હીરાભાઈએ રેવન્યુ સ્ટેમ્પ લગાવી એક પહોંચ પણ લખી આપેલ અને આ રકમની સીકયુરીટી પેટે મધ્યસ્થી તેમના સબંધી લક્ષ્મણભાઈને પ્રતિવાદીનં. ૧ ના ચેકો પણ લઈ આપી રાખેલા જે રકમ ચુકવાઈ ગયા પછી પણ ચેકો કયાંક મુકાઈ ગયેલ હોવાનુ જણાવી પરત આપેલ નહી અને તે ચેકનો દુરઉપયોગ કરી પ્રતિવાદી નં. ૧ વિરૂધ્ધ મહે. વિજયનગર ની કોર્ટમાં એન.આઈ.એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલી જે ફરીયાદ ચાલી જતા પ્રતિવાદી નં. ૧ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવેલ છે. વાદીના સસરાએ સંમતી આપતા નોંધો પ્રમાણીત કરી મંજુર કરવામા આવેલ છે તેમ છતા વાદીના સસરા હીરાભાઈએ તેમની વગ નો ઉપયોગ કરી વેચાણ દસ્તાવેજની નોંધ પ્રમાણીત થઈ મંજુર થઈ ગયેલ હોવા છતા પ્રતિવાદી નં. ૧ ને વેચાણ દસ્તાવેજ થી આપેલ જમીનોને નવા નંબર અપાવેલા. પ્રતિવાદીનં. ૧ ને જમીન વેચાણ આપ્યા પછી વાદીના સસરાના નામે અન્ય કોઈ જમીન રહેતી ન હોવા છતા રેવન્યુ ખાતાના મેળાપીપણામાં ફરી તેટલી જ જમીન વાદીઓના સસરાના નામે મુળ સર્વે નંબર થી ચાલુ રખાવેલ જે બાબતે પ્રતિવાદી નં. ૧ નાએ પાછળ થી મામલતદારશ્રી વિજયચનગરની કચેરીમાં લેખીત જાણ કરતા મામલતદારશ્રી દવારા ગણોત/૮૪/સી/કેસ નં. ૧/૨૦૨૪, તા. ૦૮/૧૦/૨૦૨૪ ના રોજ હુકમ કરી સર્વે નં. ૨૭, ૫૧ તથા ૨૬ ના ૭-૧૨ ના પાનીયા રેકર્ડમાં ખોટા ચાલતા હોય રદૃ કરવા અંગેનો હુકમ કરવામા આવેલ જેની ગામ નમુના નંબર ૬ એ હકપત્રકની નોંધ નં. ૮૬૩, તા. ૨૨/૧૧/૨૦૨૪ ના રોજ પડેલ છે. વાદીના સસરાએ પ્રતિવાદી નં. ૧ ને આપેલ જમીનની નોંધ નં. ૭૦૨, ૭૦૩ અને ૭૦૫ ની તા. ૧૪/૧૧/૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયા પછી પ્રતિવાદી નં. ૧ ના સાથે વાદીના સસરા હીરાભાઈએ છેતરપીંડી પુર્વક પ્રતિવાદી નં. ૧ પાસેથી વધારાના રૂ. એંશી લાખ પડાવી લીધેલ તે બાબતે પ્રતિવાદી નં. ૧ નાઓ ફોજદારી ફરીયાદ કરવા માંગતા હોવાનુ જણાવતા વાદી ના સસરા હીરાભાઈ

નાઓ ગભરાઈ ગયેલા અને રકમ પરત આપી દેવાની ખાતરી આપેલી પરંતુ વારંવાર જુદાજુદા વાયદા કરી સમય ખેંચેલ ત્યાર બાદ કોરોના મહામારી આવી ગયેલ અને તેના કારણે આર્થિક સંકડામણ આવી ગયેલ હોવાનુ જણાવી ઘણો લાંબો સમય ખેંચેલ ત્યાર બાદ છેલ્લે એપ્રિલ ૨૦૨૩ માં પ્રતિવાદી નં. ૧ નાએ કડક શબ્દોમાં વધારાના લીધેલ રૂ. એંશી લાખ પરત આપી દેવા નહીતર ફોજદારી ફરીયાદ કરુ છુ તેવી ચીમકી આપતા વાદીના સસરાએ જણાવેલ કે હાલમાં બેંકીંગ કાયદા કડક થઈ ગયેલ છે અને આટલી મોટી રકમ હું સીધેસીધી ચુકવી આપુ તો મારે ઈન્કમટેક્ષની રેડ પડે અને ઘણા લોકો મારા વિરોધીઓ છે તેઓ કોઈ ને કોઈ તક ની રાહ જોઈ રહેલ હોય હું તમને મારા વેવાઈ સાંકળચંદ (પ્રતિવાદી નં.૨) નાઓ સાથે જમીન વેચાણનો ફકત લોકોને જણાવવા અને બતાવવા પુરતો એક (રદ્દબાતલ ગણવા પાત્ર) વેચાણ કરાર બનાવી દઉ કે જેઓ રાજસ્થાનના હોય તેઓ ગુજરાતમાં જમીન રાખી શકે નહી તેથી કંઈ હકદાવો થઈ શકે નહી તેમની સાથે અમોએ આપેલ જમીનનો વેચાણ કરાર હું બનાવી દઈશ અને તે બહાના તળે તમોને રકમ હું ચુકવી આપીશ તેમ જણાવી પ્રતિવાદી નં. ૧ નો એક ફોટો તથા એક સ્ટેમ્પ મેળવી વાદીના સસરા હીરાભાઈ નાએ પ્રતિવાદી નં. ૧ ની જાણ બહાર તેમના વેવાઈ સાંકળચંદ ખેમાભાઈ પટેલ (પ્રતિવાદી નં.૨) નાઓ સાથેનો વેચાણ કરાર લખી લીધેલો અને પ્રતિવાદી નં. ૧ ની કાયદેસરની પરત લેવા પાત્ર રકમ રૂ. એંશી લાખ અને આટલા વર્ષનુ નુકશાન વળતર રૂ. પાંચ લાખ એમ કુલ મળી રૂ. પંચ્યાસી લાખ પરત ચુકવી આપવા ખાતરી આપી વાદીના સસરાએ તેમના દીકરા એટલે કે વાદી નં. ૨ ના પતિ તથા વાદી નં. ૧ ના પુત્ર ના ચેકો આપેલા જે સ્વીકારાઈ ગયેલ છે. ત્યારબાદ વાદીના સસરાએ પ્રતિવાદી નં. ૧ ના લોન ખાતા પેટે રકમ રૂ. ૧૦,૬૫,૦૦૦/– આર.ટી.જી.એસ.થી પ્રતિવાદી નં. ૧ ના લોન ખાતામાં જમા કરાવેલ બાકીની રકમ હીરાભાઈએ તા. ૧૯/૦૫/૨૦૨૩ સુધીમાં ચુકવી આપવાની હતી જે પેટે પ્રતિવાદી નં. ૧ નાએ વાદી નં. ૨ ના પતિ રમેશભાઈના ખાતામાં ભારતીય સ્ટેટ બેંક ખેડબ્રહમા શાખાનો ચેક નં. ૦૪૫૩૦૯ થી રૂ. પાંચ લાખ તથા વાદી નં. ૧ ના પુત્ર વિપુલના ખાતાનો ચેક નં. ૦૩૦૦૧૩ થી રૂ. ૭ લાખ તથા વાદી નં. ૧ ના

પુત્ર વીપુલ ના ખાતાનો ચેક નં. ૦૩૦૦૧૪ થી રૂ. દશ લાખ ના ચેકોથી આપેલ જે ચેક પૈકી વીપુલ મુકેશભાઈ નો ચેક ૦૩૦૦૧૩ વગર સ્વીકારે રીટર્ન થયેલ જેમાં બીજો નામ વગરનો ચેક આપતા તે ચેક પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૧ ના ભત્રીજાને બારોબાર ચુકવણી પેટે આપેલ જે તમામ ચેકોની રકમ મળી ગયેલ છે. આમ પ્રતિવાદી નં . ૧ નાને વાદીના સસરા હીરાભાઈએ રૂ.૬૭,૧૫,૦૦૦/-( અંકે રૂપીયા સડસઠ લાખ પંદર હજાર) ચુકવી આપેલ છે અને બાકીની રકમ રૂ.૧૭,૮૫,૦૦૦/-(અંકે રૂપીયા સત્તર લાખ પંચ્યાસી હજાર) માટે પ્રતિવાદી નં. ૧ નાએ ઉઘરાણી કરતા વાદીના સસરાએ વાદી નં. ૧ નો દિકરો જેમની દીકરી સાથે પરણાવેલ છે તેવા મહીડા નવાગામ રાજસ્થાનના રહીશ તેમના વેવાઈ પ્રતિવાદી નં. ૨ ના નામનો ફકત પ્રતિવાદી નં. ૧ નાને રકમ પરત ચુકવી આપતા લોકોને બતાવવા પુરતો જમીન વેચાણ અંગેનો સ્ટેમ્પ કરેલો જે બતાવી તેમાં પ્રતિવાદી નં. ૧ ને પાછળ થી આપેલ ચેકોમાં પણ પ્રતિવાદી નં. ૧ ની સહી લીધેલ તે બતાવેલ સ્ટેમ્પમાં આગળના ભાગે રૂ. ઓગણીસ લાખ પચાસ હજાર રોકડા ચુકવી આપેલાનુ ખોટી રીતે લખી લીધેલ અને પાછળના ભાગે પણ ચેકોની નીચે રૂ. નવ લાખ રોકડા ચુકવી આપેલાનુ ખોટી રીતે લખી લીધેલ તે બતાવી વાદીના સસરાએ વેચાણ કરારમાં રૂ. એક કરોડ સીત્તેર લાખ પુરા આપવા પાત્ર હતા તે પૈકી અડધા નાણા રૂ. પંચ્યાસી લાખ ચુકવી આપેલાનુ જણાવી અડધી જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવેલ પરંતુ પ્રતિવાદી નં. ૧ નાએ આવા ખોટા વેચાણ કરારનુ પાલન થઈ શકે નહી અને અમારી પરત લેવા પાત્ર રકમ માટે તમે ફકત તમારા હિતશત્રુ ને બતાવવા પુરતો તમારા દવારા ખોટો કરાર બનાવેલ હતો અને તેમાં પણ રોકડ ચુકવ્યાની ખોટી એન્ટ્રીઓ લખી લીધેલ છે. પ્રતિવાદી નં. ૧ નાએ વાદીના સસરા પાસે પોતાની પરત લેવા પાત્ર તેમના સ્વીકાર્યા મુજબની બાકી રહેતી રકમ રૂ. સત્તર લાખ પંચ્યાસી હજાર. ચુકવી આપવા કડક ઉઘરાણી કરતા વાદીના સસરા અને તેમના વેવાઈ પ્રતિવાદી નં. ૨ નાએ એકબીજાના મેળાપીપણામાં પ્રતિવાદી નં. ૧ ને અડધી જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવા નહીતર ખોટા ફોજદારી કેસો કરી ફસાવી દેવાની ધમકી આપેલ

અને પ્રતિવાદી નં. ૧ ને અવાર નવાર ટોર્ચર કરી માનસીક રીતે હેરાન પરેશાન કરવાનુ ચાલુ રાખેલ. વાદીના સસરા હિરાભાઈનાને પ્રતિવાદી નં. ૧ નાએ તુટક તુટક રૂ. ૮૦,૦૦,૦૦૦/– ચુકવી આપેલ છે અને તે પૈસા મળ્યાની એક કાગળ ઉપર પાકી પહોંચ પણ લખી આપતી લેણદેણ બાકી ન રહેતી હોવાનુ જણાવેલ છે. પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં.૨ સાંકળચંદ પાસેથી કોઈ પણ પ્રકારની અવેજ ની રકમ લીધેલ નથી કે જમીનનો વેચાણ કરાર નોટરી રૂબરુ કરેલ હોય તેવુ બનેલ નથી. વાદી જણાવે છે તેવો તા. ૧/૫/૨૦૨૩ ના રોજનો પ્રતિવાદખી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ ને કોઈ વેચાણ કરાર ખત લખી આપેલ નથી. વાદીએ પ્રતિવાદી નં. ૧ સાથે રૂ. ૧,૭૫,૦૦,૦૦૦/– વેચાણ કિંમત નકકી કરી જમીન વેચાણનો કોઈ કરાર ખત કરેલ નથી કે વાદીઓએ પ્રતિવાદી નં. ૧ ને તે વેચાણ કિંમત પેટે રૂ. ૧,૦૯,૮૨,૬૨૦/– ચુકવી આપેલ હોય તેવુ બનેલ નથી. પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ ને રૂ. ૨૮,૫૦,૦૦૦/– ની રોઢ કડમાં ચુકવણી કરેલ હોય તેવુ પણ બનેલ નથી. વાદી તરફે પ્રતિવાદી નં. ૨ વતી જે રજુઆત કરવામા આવેલ છે તે તમામ હકીકત ખોટી છે. તેમ જણાવી વાદીની મનાઈ અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

(૧૦) પ્રતિવાદી નં. ૨ તરફે વિ.વ.શ્રી કે.એન.હડીયોલ નાઓએ એવી દલીલ કરેલ છે કે વાદી ની આંક:–૫ ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીમાં જણાવેલ હકીકતો ખરી છે અને તે મુજબ અરજીમાં માંગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવામા આવે તો વાંધો નથી.

(૧૧) ઉપરોકત મુજબની બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો, દાવા અરજી તથા મનાઈ અરજી તેમજ દાવા અરજી સાથે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા દાવા વાળી જમીન મુળ વાદીઓના સસરા ની માલીકીની હતી અને વાદીઓના સસરાએ સદર જમીન આ કામના પ્રતિવાદી નં. ૧ ને સને–૨૦૧૮ માં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપેલ તે હકીકત નિર્વિવાદ છે આ કામે પ્રતિવાદી નં. ૧ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા દાવા વાળી જમીન રેવન્યુ દફતરે હાલમાં પ્રતિવાદી નં. ૧ ના નામે ચાલે છે તેવુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. પ્રતિવાદી નં. ૧ તરફે રજુ થયેલ

નિ. ૧૪/૨૪ વાળો મામલતદાર અને કૃષીપંચ વિજયનગર નાએ આ કામના પ્રતિવાદી નં. ૧ ને લખેલ પત્ર તેમજ નિ.૧૪/૨૫ થી રજુ થયેલ ચલણની નકલ ધ્યાને લેતા બીનખેડુત પાસેથી ખેતીની જમીન ખરીદવા અંગે આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ દાવા વાળી જમીન સબંધે રૂ.૭,૯૭,૧૭૧/- સરકારશ્રીમાં તા. ૨૭/૦૯/૨૦૨૪ ના રોજ જમા કરાવેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. પ્રતિવાદી નં. ૧ તરફે નિં. ૧ ૪/૨૬ તથા ની. ૧૪/૨૭ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા વાદગ્રસ્ત દાવા વાળી જમીન સબંધે રેવન્યુ કોર્ટમાં ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીનના અધીનીયમ ૨૦૧૫ ના મુદ્દા (૩) ની કલમ ૬૩ (ક) (ખ) (ગ) અન્વયે કાર્યવાહી ચાલતી હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે આ કામના વાદીઓ ગુજરાત રાજયના રહીશ નથી તે હાલના તબક્કે પુરાવો લીધા સીવાય નક્કી થઈ શકે તેમ નથી આ કામના પ્રતિવાદી નં. ૨ નાએ દાવા વાળી જમીન પ્રતિવાદી નં. ૧ પાસેથી રૂ. ૧,૭૫,૦૦,૦૦૦/- માં વેચાણ રાખવાનુ નક્કી કરી પ્રતિવાદી નં. ૧ ને રૂ. ૧,૦૯,૮૨,૬૨૦/- ચેક અને આર.ટી.જી.એસ. થી ચુકવી આપેલ તેમજ રૂ. ૨૮,૫૦,૦૦૦/- રોકડા ચુકવી આપેલ અને તેનુ નોટરી રૂબરુ વેચાણ ખત કરવામા આવેલ તે હકીકત પણ હાલના તબક્કે પુરાવો લીધા સીવાય નક્કી થઈ શકે તેમ નથી. વધુમાં પ્રતિવાદી નં. ૧ અને વાદીના સસરા વચ્ચે રૂ. ૮૦,૦૦,૦૦૦/- બાબતે કોઈ કરાર થયેલ છે કે કેમ તે હકીકત પણ હાલના તબક્કે પુરાવો લીધા સીવાય નક્કી થઈ શકે તેમ નથી. વધુમાં વાદી અને પ્રતિવાદી નં. ૧ વચ્ચે તા. ૧૨/૦૩/૨૦૨૪ ના રોજ નોટરી રૂબરુ વેચાણ કરારખત કરવામા આવેલ છે કે કેમ તે હકીકત પણ હાલના તબક્કે પુરાવો લીધા સીવાય નક્કી થઈ શકે તેમ નથી. આ કામના વાદી તરફે ની. ૩/૯ થી રજુ થયેલ નોટરી રૂબરુ કરવામા આવેલ વેચાણ કરાર ખત ધ્યાને લેતા વાદીઓએ આ કામના પ્રતિવાદી નં. ૧ પાસેથી દાવા વાળી જમીન વેચાણ રાખી તેના અવેજ પેટે માતબર રકમ પ્રતિવાદી નં. ૧ ને ચુકવેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. સદર કામે પ્રતિવાદી નં. ૧ તરફે એવી રજુઆત કરવામા આવેલ છે કે , પ્રતિવાદી નં. ૧ નાએ વાદીઓ સાથે આવો કોઈ વેચાણ કરાર ખત કરેલ નથી કે તેમાં

જણાવ્યા મુજબની અવેજની કોઈ રકમ પ્રતિવાદી નં. ૧ ને ચુકવવામા આવેલ નથી. આ કામના વાદીઓએ પ્રતિવાદી નં. ૨ ના મેળાપીપણામાં ખોટી હકીકતો ઉપજાવી કાઢી ખોટો દાવો અને ખોટી મનાઈ અરજી કરેલ છે. દાવા વાળી જમીન પ્રતિવાદી નં. ૧ ના કબજા ભોગવટામાં આવેલ છે અને પ્રતિવાદી નં. ૧ તેમાં હાલમાં ખેતી કરી ઉપજ મેળ વે છે. જયારે વાદી તરફે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, વેચાણ કરાર ખત કર્યો ત્યારે જ પ્રતિવાદી નં. ૧ નાએ દાવા વાળી જમીનનો કબજો વાદીઓને સોંપી આપેલ છે અને તેનો ઉલ્લેખ વેચાણ કરાર ખતમાં કરવામા આવેલ છે. બન્ને પક્ષકારોના વિ.વ.શ્રી નાાઓની આ દલીલો ધ્યાને રાખી આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા વાદગ્રસ્ત જમીન સબંધે પક્ષકારો વચ્ચે રેવન્યુ કોર્ટમાં તકરાર ચાલે છે તેમજ વાદગ્રસ્ત દાવા વાળી જમીન હાલમાં પ્રતિવાદી નં. ૧ ના નામે રેવન્યુ દફતરે ચાલે છે તે સંજોગોમાં સદર દાવાનો આખરી ન્યાયીક નીર્ણય થાય ત્યા સુધી જો દાવા વાળી જમીનની હાલની યથાવત પરીસ્થીતી જાળવી રાખવામા આવે તો કોઈ પક્ષકારોને નુકશાન થાય તેમ જણાતુ નથી. વધુમાં દાવા વાળી જમીન સબંધે હાલમાં રેવન્યુ કોર્ટમાં જે કાર્યવાહી ચાલે છે તે કાર્યવાહી આગળ ચલાવવામા આવે તો પણ બન્ને પક્ષકારોને કોઈ નુકશાન થાય તેમ જણાતુ નથી. જેથી **મુદદા નં. ૧ થી ૩** નો જવાબ **અંશત: હકારમાં** ઠરાવી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) વાદીની આંક –૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી **'અંશત: મંજુર'** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના બન્ને પક્ષકારોએ સદર દાવાનો આખરી ન્યાયીક નીર્ણય ન થાય ત્યાં સુધી દાવા વાળી જમીનની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવી તેવો હુકમ કરવામા આવે છે.

(૩) વધુમાં એવો હુકમ કરવામા આવે છે કે, સદર દાવા વાળી જમીન સબંધે રેવન્યુ કોર્ટમાં ચાલતી કાર્યવાહીમાં આ હુકમનો કોઈ બાધ આવશે નહી.

(૪) ખર્ચ દાવાનાં આખરી પરીણામને અનુસરશે.

(૫) સદરહુ હુકમની બન્ને પક્ષકારોને તેમજ મામલતદારશ્રી વિજયનગરને જાણ કરવી.

સદરહુ હુકમ આજરોજ તા.૦૮મી, માહે જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૭/૨૦૨૬
ખેડબ્રહ્મા

**(કે.જે.રાઠોડ)**
પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ
ખેડબ્રહ્મા, જી.સાબરકાંઠા.
GJ 00875